# ધોરણ-૧ ૨ વિજ્ઞાન પ્રવાહનું ૭૧.૯૦ ટકા પરિણામ

## ૨૫૪ને A1 ગ્રેડ : સૌથી ઓછુ ઉદયપુર જિલ્લાનું ૨૯.૮૧ ટકા રિઝલ્ટ રહ્યું : અગ્રેજી માધ્યમનું પરિણામ ૭૫.૧૩ ટકા અને ગુજરાતી માધ્યમનું રિઝલ્ટ ૭૧.૦૯ ટકા રહ્યું

ગાંધીનગર, તા.૯

જેની ઉત્સુકતાપૂર્વક રાહ જોવામાં આવી રહી હતી તે ગુજરાત રાજયના ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા માર્ચ ૨૦૧૯માં લેવાયેલી ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહની પરીક્ષાનું પરિણામ આજે જાહેર કરવામાં આવ્યુ હતું. વિજ્ઞાન પ્રવાહનું પરિણામ આજે ૭૧.૯૦ ટકા જાહેર કરવામાં આવ્યું હતું. ગયા વર્ષે જાહેર કરવામાં આવેલા પરિણામ પૈકી આ વખતે ઓછું પરિણામ રહ્યું છે. ગયા વખતે ૭૨.૯૯ ટકા પરિણામ રહ્યું હતું. આ વખતે નિયમિત વિદ્યાર્થીઓનું પરિણામ ૭૧.૮૩ ટકા રહ્યું છે. જ્યારે નિયમિત વિદ્યાર્થીનીઓનું પરિણામ ૭૨.૦૧ ટકા રહ્યું છે. વધુ પરિણામ ધરાવતું કેન્દ્ર ધ્રોલ રહ્યું છે. જેનું પરિણામ ૯૧.૬૦ ટકા રહ્યું છે. જ્યારે ઓછુ પરિણામ ધરાવતું કેન્દ્ર બોડેલી રહ્યું છે. જેનું પરિણામ ૨૭.૧૯ ટકા રહ્યું છે. વધુ પરિણામ જાહેર થયેલા જિલ્લાની વાત કરવામાં આવે તો રાજકોટ જિલ્લાનું પરિણામ સૌથી વધુ ૮૪.૪૭ ટકા રહ્યું છે. આવી જ રીતે ઓછુ પરિણામ ધરાવતો જિલ્લો છોટા ઉદેપુર છે. જ્યાં ટકાવારી ૨૯.૮૧ ટકા રહી છે. આ વખતે ૧૦૦ ટકા પરિણામ ધરાવતી શાળાઓની સંખ્યા ૩૫ નોંધાઈ છે. જે માર્ચ ૨૦૧૮માં ૪૨ રહી હતી. ૧૦ ટકા કરતા ઓછું પરિણામ ધરાવતી શાળાઓની સંખ્યા વર્ષ ૨૦૧૮ની સરખામણીમાં આ વખતે ૪૯ ટકા રહી છે. એ વન ગ્રેડ સાથે પ્રમાણપત્ર મેળવવાને પાત્ર ઉમેદવારોની સંખ્યા ૨૫૪ અને એ-૨ ગ્રેડ સાથે પ્રમાણપત્ર મેળવવાને પાત્ર ઉમેદવારોની સંખ્યા ૩૬૯૦ નોંધાઈ છે. અંગ્રેજી માધ્યમનું પરિણામ ૭૫.૧૩ ટકા રહ્યું છે જે માર્ચ ૨૦૧૮માં ૭૫.૫૮ ટકા રહ્યું હતું. ગુજરાતી માધ્યમના પરિણામ આ વખતે ૭૧.૦૯ ટકા રહ્યું છે. એ ગ્રુપના ઉમેદવારોનું પરિણામ ૭૮.૯૨ ટકા અને બી ગ્રુપનું



પરિણામ ૬૭.૨૬ ટકા રહ્યું છે. એબી ગ્રુપના ઉમેદવારોનું પરિણામ ૬૪.૨૯ ટકા રહ્યું છે.

ગેરરીતિના કેસોની સંખ્યા ૩૬૫ નોંધાઈ છે. માર્ચ ૨૦૧૮માં ગેરરીતિના કેસોની સંખ્યા ૧૨૦ નોંધાઈ છે. ગુજરાત રાજયમાં ધોરણ-૧૨ વિજ્ઞાનપ્રવાહ સાથે ફાર્મસી, એન્જીનીયરીંગ સહિતના ઉચ્ચ અભ્યાસક્રમ માટે લેવાયેલી ગુજકેટની પરીક્ષાના પરિણામો પણ આજે જાહેર કરવામાં આવ્યા છે. જેને લઈ વિદ્યાર્થીઓ અને વાલીઓમાં ભારે ઉત્તેજના જોવા મળી હતી. વિદ્યાર્થીઓ અને વાલીઓને ધોરણ-૧૨ વિજ્ઞાનપ્રવાહના પરિણામની માહિતી સવારે આઠ વાગ્યાથી બોર્ડની વેબસાઈટ પરથી મેળવી લેવા માટે કહેવામાં આવ્યું હતું. આ વખતે ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહની પરીક્ષા ૧૩૯ કેન્દ્રો પરથી લેવામાં આવી હતી. ઉપસ્થિત નિયમિત વિદ્યાર્થીઓની સંખ્યા ૧૨૩૮૬૦ રહી હતી. આવી જ રીતે પ્રમાણપત્રને પાત્ર નિયમિત ઉમેદવારોની સંખ્યા ૮૯૦૬૦ રહી હતી. ઉપસ્થિત પુનરાવર્તિત ઉમેદવારોની સંખ્યા ૨૨૯૪૮ રહી હતી. પુનરાવર્તિત ઉમેદવારોના પરિણામની ટકાવારી ૨૫.૨૨ ટકા નોંધાઈ છે. ધો-૧૨ વિજ્ઞાનપ્રવાહની સાથે સાથે ગુજકેટની પરીક્ષાનું પરિણામ પણ જાહેર કરવામાં આવ્યુ હતુ. ગુજકેટનું પરિણામ જાહેર કરવામાં આવ્યા બાદ વિદ્યાર્થીઓએ ઉપરોકત સમય દરમ્યાન જે તે શાળામાં જરૂરી પુરાવાઓ રજૂ કરી ગુજકેટના પરિણામનું પ્રમાણપત્ર મેળવી લેવા પહોંચી ગયા હતા.

દરમ્યાન ગુજરાત બોર્ડ સિવાયના અન્ય વિદ્યાર્થીઓની ગુજકેટની માર્કશીટ ટપાલ દ્વારા મોકલવાનું પણ બોર્ડ દ્વારા આયોજન કરાયું હતું. ગુજકેટની પરીક્ષામાં કુલ ૧,૩૬,૫૧૬ વિદ્યાર્થીઓ નોંધાયા હતા. ઉલ્લેખનીય છે કે, વર્ષ ૨૦૧૮માં ધોરણ-૧૨ વિજ્ઞાનપ્રવાહનું પરિણામ ૭૨.૯૯ ટકા જાહેર થયુ હતું. આ પરિણામ, છેલ્લા પાંચ વર્ષના પરિણામ કરતાં સૌથી ઓછુ પરિણામ હતું. ધોરણ-૧૨ વિજ્ઞાનપ્રવાહના ભાષાના માધ્યમ પ્રમાણે પરિણામ અંતર્ગત ગુજરાતી માધ્યમનું ૭૨.૪૫ ટકા પરિણામ, જયારે અંગ્રેજી માધ્યમનું પરિણામ ૭૫.૭૮ ટકા આવ્યું હતું વિજ્ઞાન પ્રવાહનુ પરિણામ જાહેર કરવામાં આવ્યા બાદ હવે સામાન્ય પ્રવાહનુ પરિણામ પણ જાહેર કરવામાં આવનાર છે. સાથે સાથે ધોરણ-૧૦ના બોર્ડનુ પરિણામ પણ હવે ટુંક સમયમાં જાહેર કરવામાં આવનાર છે. આજે પરિણામ જાહેર કરવામાં આવ્યા બાદ ઉંચા માર્ક મેળવી લેનાર વિદ્યાર્થીઓ ભારે ઉત્સાહિત અને ખુશ દેખાતા હતા. વાલીઓ પણ ભારે ખુશ નજરે પડ્યા હતા.

ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહમાં નિયમિત નોંધાયેલા ઉમેદવારોની સંખ્યા ૧૨૪૬૯૪ હતી. નિયમિત ઉપસ્થિત રહેલા વિદ્યાર્થીઓની સંખ્યા ૧૨૪૮૬૦ રહી હતી. જ્યારે પાસ થયેલા વિદ્યાર્થીઓની સંખ્યા ૮૯૦૬૦ રહી છે અને એકંદરે પાસની ટકાવારી ૭૧.૯૦ ટકા રહી છે.

## પરિણામની હાઈલાઈટ્સ

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ ગાંધીનગર દ્વારા માર્ચ ૨૦૧૯માં લેવામાં આવેલી ધોરણ-૧૨ વિજ્ઞાનપ્રવાહની પરીક્ષાનુ પરિણામ આજે ભારે ઉત્સુકતા વચ્ચે જાહેર કરવામાં આવ્યુ હતું.ગુજરાતનુ પરિણામ ૭૧.૯૦ ટકા જાહેર કરવામાં આવ્યુ છે. ગુજરાતના શિક્ષણ પ્રધાન ભુપેન્દ્રસિંહ ચુડાસમા દ્વારા સવારે પરિણામ જાહેર કરવામાં આવ્યા બાદ વિદ્યાર્થીઓમાં ભારે ઉત્સુકતા જોવા મળી હતી. પરિણામ હાઈલાઈટ્સ નીચે મુજબ છે.

| | |
|---|---|
| કુલ પેટા કેન્દ્રો | ૧૩૯ |
| ઉપસ્થિત નિયમિત ઉમેદવારો | ૧૨૩૮૬૦ |
| પ્રમાણપત્રને પાત્ર નિયમિત ઉમેદવાર | ૮૯૦૬૦ |
| નિયમિત ઉમેદવાર પરિણામ ટકાવારી | ૭૧.૦૯ |
| વિદ્યાર્થીઓનુ પરિણામ | ૭૧.૮૩ |
| વિદ્યાર્થીનિઓનુ પરિણામ | ૭૨.૦૧ |
| પુનરાવર્તિત ઉમેદવારના પરિણામની ટકાવારી | ૨૫.૨૨ |
| પ્રમાણપત્રને પાત્ર પુનરાવર્તિત ઉમેદવાર | ૫૭૮૮ |
| ઉપસ્થિત પુનરાવર્તિત ઉમેદવારોની સંખ્યા | ૨૨૯૪૮ |
| વધુ પરિણામ ધરાવતો જિલ્લો | રાજકોટ (૮૪.૧૭ટકા) |
| ઓછું પરિણામ ધરાવતો જિલ્લો | છોટાઉદયપુર (૨૯.૮૧ ટકા) |
| ૧૦૦ ટકા પરિણામ ધરાવતી શાળા | ૩૫ |
| અંગ્રેજી માધ્યમનુ પરિણામ | ૭૫.૧૩ |
| ગુજરાતી માધ્યમનુ પરિણામ | ૭૧.૦૯ |
| વધુ પરિણામ ધરાવતું કેન્દ્ર | ધ્રોલ (૯૧.૬૦ટકા) |
| ઓછું પરિણામ ધરાવતું કેન્દ્ર | બોડેલી (૨૭.૧૯ ટકા) |
| એવન ગ્રેડ સાથે પાસ ઉમેદવાર | ૨૫૪ |
| એ ટુ ગ્રેડ સાથે પાસ ઉમેદવાર | ૩૬૯૦ |
| એ ગ્રુપના ઉમેદવારના પરિણામ | ૭૮.૯૨ |
| બી ગ્રુપના ઉમેદવારનું પરિણામ | ૬૭.૨૬ |
| એબી ગ્રુપના ઉમેદવારનું પરિણામ | ૬૪.૨૯ |
| દિવ્યાંગ ઉમેદવારની સંખ્યા | ૨૧૪ |
| ૨૦ ટકા પાસિંગ સ્ટાન્ડર્ડ સાથે પાસ દિવ્યાંગો | ૪૭ |
| ગેરરીતિના કેસોની સંખ્યા | ૩૬૫ |

## અંગ્રેજી માધ્યમનું સૌથી વધુ ૭૫.૧૩ ટકા પરિણામ રહ્યું

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ ગાંધીનગર દ્વારા માર્ચ ૨૦૧૯માં લેવામાં આવેલી ધોરણ-૧૨ વિજ્ઞાનપ્રવાહની પરીક્ષાનુ પરિણામ આજે ભારે ઉત્સુકતા વચ્ચે જાહેર કરવામાં આવ્યુ હતું. આ વખતે પણ ધારણા પ્રમાણે જ અંગ્રેજી માધ્યમનું પરિણામ ગુજરાતી માધ્યમ કરતા વધારે રહ્યું છે. છેલ્લા કેટલાક વર્ષથી ગુજરાતી માધ્યમ કરતા અંગ્રેજી માધ્યમનું પરિણામ વધારે નોંધાઈ રહ્યું છે. આના માટેના કેટલાક કારણો પણ રહેલા છે. હાલના સમયમાં અંગ્રેજી માધ્યમને વાલીઓ વધારે મહત્વ આપી રહ્યા છે. ગુજરાતી માધ્યમની વાત કરવામાં આવે તો આ વખતે પરિણામ ૭૧.૦૯ ટકા રહ્યું છે. જ્યારે અંગ્રેજી માધ્યમનું પરિણામ ૭૫.૧૩ ટકા રહ્યું છે. ગુજરાતી માધ્યમમાં કુલ ૯૪૭૦૨ વિદ્યાર્થી નોંધાયા હતા જે પૈકી ૯૪૦૫૭ વિદ્યાર્થીઓ પરીક્ષામાં ઉપસ્થિત રહ્યા હતા. ગુજરાતી માધ્યમમાં એ વન ગ્રેડ મેળવનાર વિદ્યાર્થીઓની સંખ્યા ૧૮૩ અને એટુ ગ્રેડ મેળવનાર વિદ્યાર્થીઓની સંખ્યા ૨૫૧૬ નોંધાઈ છે. બીવનમાં ગુજરાતી માધ્યમના ૬૯૫૧ વિદ્યાર્થી નોંધાયા છે. જ્યારે સી-૧માં ૧૮૫૦૦ વિદ્યાર્થી નોંધાયા છે. ગુજરાતી માધ્યમના નાપાસ વિદ્યાર્થીઓની સંખ્યા ૨૭૧૯૦ નોંધાઈ છે. અંગ્રેજી માધ્યમની વાત કરવામાં આવે તો કુલ વિદ્યાર્થઓની સંખ્યા ૨૮૦૨૬ નોંધાઈ હતી. જે પૈકી ૨૭૮૬૮ વિદ્યાર્થી પરીક્ષામાં ઉપસ્થિત રહ્યા હતા. અંગ્રેજી માધ્યમમાં એવન ગ્રેડ મેળવનાર વિદ્યાર્થીઓની સંખ્યા ૬૭, એટુમાં ૧૧૩૮, બીવનમાં ૨૮૧૪ અને બીટુમાં ૪૨૯૨ નોંધાઈ છે.

સીટુમાં આવા વિદ્યાર્થીઓની સંખ્યા ૫૮૭૯ રહી છે. હિન્દી માધ્યમની વાત કરવામાં આવે તો વિદ્યાર્થીઓની સંખ્યા ઉલ્લેખનિય રીતે ઘટી રહી છે. આ વખતે આવા હિન્દી માધ્યમમાં માત્ર ૧૭૬૨ વિદ્યાર્થી નોંધાયા હતા. જે પૈકી ૧૭૩૨ વિદ્યાર્થી ઉપસ્થિત રહ્યા હતા. આમાં એવન ગ્રેડ મેળવનાર વિદ્યાર્થીઓની સંખ્યા ચાર નોંધાઈ છે. જ્યારે એટુ ગ્રેડ મેળવનાર વિદ્યાર્થીઓની સંખ્યા ૩૬ અને બીવન ગ્રેડ મેળવનાર વિદ્યાર્થીઓની સંખ્યા ૬૦ નોંધાઈ છે. હિન્દી માધ્યમના વિજ્ઞાન પ્રવાહનું પરિણામ ૬૫.૧૩ ટકા રહ્યું છે. આ પરિણામને નિરાશાજનક કહી શકાય છે. એકબાજુ હિન્દી માધ્યમ અને ગુજરાતી માધ્યમનું મહત્વ ઘટી રહ્યું છે ત્યારે પરિણામની ટકાવારી પણ ઉલ્લેખનિય રીતે ઘટી રહી છે. કુલ ટકાવારીની વાત કરવામાં આવે તો ૭૧.૯૦ ટકાનું પરિણામ ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહમાં નોંધાયું છે.





## સરદાર ચોક કુડાસણ ખાતે રામકથાનું આયોજન

શ્રી ત્રિલોકનાથ વાત્સલ્ય વાટિકામાં રહેતી માં અથવા બાપ ન હોય તેવી વ્હાલી દિકરીઓના લાભાર્થે કુડાસણ સરદાર ચોક ખાતે રામકથાનું આયોજન કરવામાં આવ્યું છે. પરમવિદુષી પૂજ્ય ગીતાદીદી (બાલવા, ગીરનારી આશ્રમ)ની વ્યાસપીઠે આયોજીત રામકથાનું શ્રવણ કરવા માટે રાત્રે ૮.૩૦ થી ૧૧.૩૦ કલાક દરમિયાન મોટીસંખ્યામાં ભાવિ ભકતો ઉમટી પડે છે. રામકથાને પગલે સરદાર ચોક ખાતે રાત્રીના સમયે અનોખુ ધાર્મિક વાતાવરણ સર્જાય છે.

## ધોરણ ૧ ૨ સાયન્સ : ફરીથી વિદ્યાર્થીનીએ મારેલી બાજી

જેની ઉત્સુકતાપૂર્વક રાહ જોવામાં આવી રહી હતી તે ગુજરાત રાજયના ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા માર્ચ ૨૦૧૯માં લેવાયેલી ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહની પરીક્ષાનું પરિણામ આજે જાહેર કરવામાં આવ્યુ હતું. વિજ્ઞાન પ્રવાહનું પરિણામ આજે ૭૧.૯૦ ટકા જાહેર કરવામાં આવ્યું હતું. ગયા વર્ષે જાહેર કરવામાં આવેલા પરિણામ પૈકી આ વખતે ઓછું પરિણામ રહ્યું છે. ગયા વખતે ૭૨.૯૯ ટકા પરિણામ રહ્યું હતું. આ વખતે નિયમિત વિદ્યાર્થીઓનું પરિણામ ૭૧.૮૩ ટકા રહ્યું છે. જ્યારે નિયમિત વિદ્યાર્થીનીઓનું પરિણામ ૭૨.૦૧ ટકા રહ્યું છે. વધુ પરિણામ ધરાવતું કેન્દ્ર ધ્રોલ રહ્યું છે. જેનું પરિણામ ૯૧.૬૦ ટકા રહ્યું છે. દર વખતની જેમ જ આ વખતે પણ વિદ્યાર્થીનીઓએ બાજી મારી લીધી છે.

એકબાજુ નિયમિત વિદ્યાર્થીઓની ટકાવારી ૭૧.૮૩ ટકા રહી છે. જ્યારે વિદ્યાર્થીનીઓની ટકાવારી ૭૨.૦૧ ટકા નોંધાઈ છે. પાસ થયેલા વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થીનીઓની વાત કરવામાં આવે તો પણ વિદ્યાર્થીઓની સંખ્યા વિદ્યાર્થીઓ કરતા પાછળ રહી નથી. એકંદરે વિદ્યાર્થીઓનું પરિણામ ખૂબ ઊંચુ રહ્યું છે. નિયમિત વિદ્યાર્થીઓ જે પરીક્ષામાં ઉપસ્થિત રહ્યા હતા તેમની વાત કરવામાં આવે તો સંખ્યા ૭૬૦૦૩ હતી. જેમાંથી ૫૪૧૯૫ વિદ્યાર્થીઓ પાસ થયા છે.

જ્યારે વિદ્યાર્થીનીઓની વાત કરવામાં આવે તો ઉપસ્થિત વિદ્યાર્થીનીઓની સંખ્યા ૪૮૪૧૪ હતી. જે પૈક ૩૪૮૬૫ વિદ્યાર્થીનીઓ પરીક્ષામાં પાસ થઈ ચુકી છે. ૨૦૧૮માં પણ આવી જ સ્થિતિ રહી હતી. જાણકાર લોકોનું કહેવું છે કે વિદ્યાર્થીનીઓ અભ્યાસમાં વધારે ગંભીર બની રહી છે. જ્યારે વિદ્યાર્થીઓ ઉદાસીનતા દાખવી રહ્યા છે. આજ કારણસર માત્ર ગુજરાત બોર્ડમાં જ નહીં બલ્કે સીબીએસઈ બોર્ડમાં પણ વિદ્યાર્થીઓ કરતા વિદ્યાર્થીનીઓ વધારે આગળ રહી છે. આંકડા પરથી પણ આ બાબત સ્પષ્ટ થઈ જાય છે. વિજ્ઞાન પ્રવાહમાં પણ વિદ્યાર્થીનીઓ ટકાવારીની દૃષ્ટીએ આગળ રહી છે. સામાન્ય પ્રવાહનું પરિણામ હવે જાહેર કરાશે.

## મોબાઈલનો ઉપયોગ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

મહત્વનુ હોવાનુ તે જણાંવે છે. તેણે વર્ષ દરમિયાન મોબાઈલનો ઉપયોગ પણ કર્યો ન હતો. ક્રિકેટનો શોખ ધરાવતા શ્યામને કોમ્પ્યુટર એન્જિયર બનવુ છે. સ્વામિનારાયણ ધામ ઈન્ટરનેશનલ સ્કુલના જય દામવાણીએ ૬૫૦ માંથી ૫૮૨ ગુણ પ્રાપ્ત કર્યા છે. જય દામવાણીએ ટ્યુશન વગર માત્ર શાળાના શિક્ષકોના માર્ગદર્શન હેઠળ પરીક્ષામાં જવલંત સફળતા મેળવી હોવાનુ પણ જણાંવ્યુ હતુ. કોમ્પ્યુટર એન્જિનિયર બનીને ગ્રામ્ય વિસ્તારમાં જે ટેકનોલોજી નથી પહોંચી તે પહોંચાડીને દેશને મદદ કરવી છે. મુળ ઉત્તર પ્રદેશના વતની અને છેલ્લા ચાર વર્ષથી ગાંધીનગર પાસે કુડાસણમાં ભાડે રહેતા જયને બેગ્મિંગટનો શોખ છે. જયના પિતા ખાનગી કંપનીમાં કેશિયર છે. માતા પુજાબેન ગૃહીણી છે. તેણે ટાઈમ્સ ઓફ ઈન્ડિયાની ઈંગ્લીશ સ્પીકીંગની સ્પર્ધામાં સ્કોલરશીપ પણ મેળવી છે. માનસિક ટેન્શન રાખ્યા વિના એકાગ્રતાથી મહેનત કરવી જોઈએ તેમ પણ તેણે વિદ્યાર્થીઓને જણાંવ્યુ છે.

## ૭૬.૭૫ ટકા

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જિલ્લાનુ પરિણામ ૭૫.૦૮ ટકા આવ્યુ હતુ. જયારે જિલ્લામાંથી એ વન ગ્રેડમાં પણ માત્ર ૬ વિદ્યાર્થીઓનો સમાવેશ થયો હતો. જયારે આ ટોપર્સ શહેરની શાળાઓના છે. જેમાં સરગાસણ સ્થિત સહજાનંદ સ્કુલ ઓફ અચિવરના બે વિદ્યાર્થીઓ , કુડાસણ સ્કુલ ઓફ અચિવરની એક વિદ્યાર્થીની તેમજ સે-૮ સેન્ટ ઝેવિયર્સ સ્કુલના એક વિદ્યાર્થી ઉપરાંત ઘ-૦ ઈન્ફોસીટી જુનિયર સાયન્સ કોલેજના એક અને સ્વામિનારાયણ ધામના એક વિદ્યાર્થીનો એ વન ગ્રેડમાં સમાવેશ થાય છે. સે-૨૩ સ્થિત શેઠ સી એમ હાઈસ્કુલના બે વિદ્યાર્થીઓએ માત્ર એક ગુણ ઓછો આવતા એ વન ગ્રેડ ગુમાવ્યો હતો. ગાંધીનગર શહેરના ટોપર્સમાં કુડાસણ સ્કુલ ઓફ અચિવરની વિદ્યાર્થીની હીતાર્થી વિવેક પંડયાએ સૌથી વધુ ૬૫૦ માંથી ૬૧૦ ગુણ મેળવીને પ્રથમ સ્થાન મેળવ્યુ છે. જયારે સેન્ટ ઝેવિયર્સના હર્ષલ હિંમતભાઈ માવાણીએ ૬૦૫ ગુણ મેળવી બીજુ સ્થાન તેમજ સરગાસણ સહજાનંદ સ્કુલ ઓફ અચિવરના શુભમ ભગવાનદાસ પંડિતે ૬૫૦ માંથી ૫૮૭ ગુણ મેળવ્યા છે. આ ઉપરાંત આ જ શાળાના શ્યામ વિષ્ણુભાઈ પટેલે પણ ૫૮૩ ગુણ મેળવી એ વન ગ્રેડ પ્રાપ્ત કર્યો છે. સ્વામિનારાયણ ધામના વિદ્યાર્થી જય વિજયકુમાર દામવાણીએ ૫૮૨ ગુણ મેળવી ટોપ ૬ માં સ્થાન પ્રાપ્ત કર્યુ છે. ઘ-૦ ઈન્ફોસીટી જુનિયર સાયન્સ કોલેજના દિવ્યેશ નિલેશકુમાર પરમારે ૭૦૦ માંથી ૬૪૬ ગુણ મેળવી ટોપર્સમાં સ્થાન મેળવ્યુ છે. બોર્ડ પરીક્ષાનુ પરિણામ જાહેર થતા વિદ્યાર્થીઓ અને વાલીઓમાં ખુશીની લહેર જોવા મળી હતી.

## સુધાર કરવો છે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ગુણના આધારે જ વિદ્યાર્થીનુ મુલ્યાંકન થાય તે યોગ્ય નથી જયારે ધો -૧૨ બાદ આગળ ઈલેકટ્રીકલ એન્જિયરીંગમાં અભ્યાસ પણ કરવો છે.

વિજ્ઞાન પ્રવાહમાં જિલ્લામાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કરનાર હીતાર્થી પંડયાના પિતા પી ડી પી યુ માં પ્રોફેસર છે. જયારે માતા શ્રુતિબેન હાઉસવાઈફ છે. હીતાર્થીએ ધો -૧૦ માં પણ બોર્ડમાં સ્થાન પ્રાપ્ત કર્યુ હતુ. તેણીને આગળ ઈલેકટ્રીકલ એન્જિનિયરીંગનો અભ્યાસ કરીનેયુ પી એસ સી કલીયર કરી આઈ એસ બનવુ છે. તેના મતે હાલની શિક્ષણ પધ્ધતિમાં બહુ મોટા સુધારની અનિવાર્યતા છે. વિદ્યાર્થીઓનુ માત્ર માર્કશીટના આધારે જ મુલ્યાંકન કરવામાં આવે છે. ટયુશન વગર માતા પિતાન સહકાર અને શાળાના શિક્ષકોના માર્ગદર્શનના લીધે ઉજજવળ પરિણામ મેળવ્યુ હોવાનુ પણ તેણે જણાંવ્યુ હતુ. અભ્યાસ ઉપરાંત હીતાર્થી ફુટબોલ અને ટેબલ ટેનિસ રમવાનો પણ શોખ ધરાવે છે. જયારે ક્રિકેટર એમ એસ ધોનીનુ બેટીંગ અને કેપ્ટનશીપ તેને ગમે છે. હીતાર્થી તેના પિતા વિવેકભાઈ અને દાદા જયંતકુમારને આદર્શ માને છે.

## સેલ્ફી લેવાની

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

માતા વર્ષાબેન હાઉસ વાઈફ છે. શુભમે આગળ કોમ્પ્યુટર સાયન્સમાં અભ્યાસ કરવો છે. જો કે ધાર્યા કરતા ઓછુ પરિણામ આવ્યુ હોવાનો અફસોસ પણ તેણે વ્યકત કર્યો હતો. તેણે જણાંવ્યુ હતુ કે સારા પરિણામ માટે માતા પિતાનો સહયોગ તેમજ શાળાના શિક્ષકોની મહેનત પણ જવાબદાર છે. અભ્યાસ સિવાય તેને ક્રિકેટ રમવાનો તેમજ ડ્રોઈંગનો વિશેષ શોખ છે. શુભમને જીવનમાં સચિન તેંદુલકર સાથે સેલ્ફી લેવાની ખેવના છે. તેના મતે સારા પરિણામ માટે ધગશ હોવાની સાથે અભ્યાસમાં સતત રસ જાળવવો પડે છે. આખા વર્ષ દરમિયાન તેણે સ્માર્ટ ફોનનો ઉપયોગ ટાળી માત્ર સાદો ફોન સાથે રાખ્યો હતો. મોબાઈલના લીધે ટાઈમ કીલ થાય છે તેમ પણ તેનુ માનવુ છે. જેથી પરીક્ષામાં સફળ થવા બદલ તે સહજાનંદ સ્કુલ ઓફ અચિવર્સના ફેકલ્ટીઝનો પણ આભાર માને છે. આ ઉપરાંત શાળાના વિદ્યાર્થી શ્યામ વિષ્ણુભાઈ પટેલે પણ ૬૫૦ માંથી ૫૮૩ ગુણ પ્રાપ્ત કર્યા છે. શ્યામે ગણિત અને કેમેસ્ટ્રીમાં ૯૭ ગુણ મેળવ્યા છે.ભૌતિક વિજ્ઞાનમાં પણ ૯૫ ગુણ મેળવી ટોપર્સની યાદીમાં સ્થાન મેળવ્યુ છે.

## આગાહી

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પડવાની આગાહી કરવામાં આવી છે. પાટણ, સાબરકાંઠામાં પણ વરસાદ પડી શકે છે. હવામાન વિભાગનું કહેવું છે કે વરસાદ પડવાની પૂર્ણ શક્યતા રહેલી છે. આજે આંશિક વાદળાછાયા વાતાવરણ વચ્ચે તાપમાનમાં ઘટાડો થયો હતો. આજે પારો ૩૯.૮ ડિગ્રી રહ્યો હતો. ઉત્તર ગુજરાત, સૌરાષ્ટ્ર-કચ્છના કેટલાક ભાગોમાં ગાજવીજ સાથે વરસાદ પડી શકે છે. કોર્પોરેશન તરફથી લોકોએ કામ વગર બપોરના ગાળામાં ઘરથી બહાર નીકળવું જોઈએ નહીં. સાથે સાથે સાથે વધુ પ્રમાણમાં પાણી, છાશ અને પ્રવાહીનું સેવન કરવું જોઈએ. હળવા રંગના સુતરાઉ કપડા પહેરવા અને તડકામાં ફરવાનું ટાળવું જોઈએ. હાલમાં હવામાનમાં આવેલા પલ્ટા વચ્ચે સૌરાષ્ટ્રના જુદા જુદા ભાગોમાં વરસાદી ઝાપટા પડ્યા હતા. જેથી ગરમીથી આંશિક રાહત મળી હતી પરંતુ હવે ગરમીનું પ્રમાણ ફરી વધવાની શક્યતા છે. આજે સોમવારની સરખામણીમાં પારો વધ્યો હતો. હવામાન વિભાગ તરફથી સૌરાષ્ટ્ર-કચ્છના વિવિધ ભાગો ખાસ કરીને રાજકોટ, પોરબંદર, કચ્છમાં હળવા વરસાદી ઝાપટા પડી શકે છે. ઉત્તર ગુજરાતમાં બનાસકાંઠામાં હળવા ઝાપટા પડવાની આગાહી તંત્ર દ્વારા કરવામાં આવી છે. હાલમાં બેવડી સિઝન ફરી વાર જોવા મળી રહી છે. કારણ કે તાપમાનમાં સતત ફેરફાર જોવા મળે છે. હવામાન વિભાગના કહેવા મુજબ લઘુત્તમ અને મહત્તમ તાપમાનમાં હાલમાં કોઈ વધારે ફેરફારની સ્થિતિ જોવા મળશે નહીં. હિટવેવને લઈને કોઈપણ પ્રકારની ચેતવણી જારી કરવામાં આવી નથી જેથી સામાન્ય લોકોને રાહત થઈ છે. જોકે ગાજવીજ સાથે વરસાદ પડવાની આગાહી તંત્ર દ્વારા કરવામાં આવી છે.

## રિવરાઈન ભેંસોના સંવર્ધન ક્ષેત્રે મળેલી એક નવી સિદ્ધિ

અમદાવાદ, તા.૯

સ્થાનિક પશુઓ તથા તેમની સંકર ઓલાદો માટે એક કસ્ટમાઈઝ જીનોટાઈપીંગ ચીપ ઈન્ડુસચીપનુ સફળ નિર્માણ કર્યા પછી એનડીડીબીએ હવે એનડીડીબી એબ્રો મુર્રાહ નામનો સંપૂર્ણ પ્રકારનો નવો જીનોમ વિકસાવીને રિવરાઈન ભેંસોના સંવર્ધન ક્ષેત્રે એક નવુ જ સિમાચિન્હ હાંસલ કર્યુ છે. માતા-પિતા પાસેથી મેળવેલા ટ્રાયોનો ઉપયોગ કરીને સૌ પ્રથમ વખત સંપૂર્ણપણે નવો અભિગમ એટલે કે ટ્રાયો બીનીંગ ભેંસના હેપ્લોટાઈપ અલગ કરવામાં બહેતર ચોકસાઈની ખાત્રી કરવામાં આવી છે.

એનડીડીબીએ વિકસાવેલી જીનોમ એસેમ્બલીમાં ૯૯ ટકાથી વધુ જીનોમ આવરી લેવામાં સફળતા હાંસલ થઈ છે. એનડીડીબીના ચેરમેન દિલીપ રથે જણાવ્યું હતું કે, આ નવી વિકસાવાયેલી જીનોમ એસેમ્બલીને કારણે બફેલો જીનોમ અંગે વધુ સમજ પ્રાપ્ત થશે અને જીનોમ પસંદગીના કાર્યક્રમને ઈચ્છીત વેગ આપી શકાશે તથા એ દ્વારા ભારતની ભેંસોની વસતિમાં ઝડપી જીનેટિક પ્રગતિ હાંસલ કરી શકાશે.

ભારતના દૂધના ઉત્પાદનમાં ભેંસોનું પ્રદાન ૫૦ ટકાથી વધારે છે. દુનિયામાં ભેંસોની અંદાજીત વસતિ ૨૨૪.૪ મિલિયન છે, જેમાંથી ૨૧૯ મિલિયન (૯૭.૫૮ ટકા) એશિયામાં છે.

ભારતમાં ૧૧૩.૩ મિલિયન ભેંસો છે અને તે દુનિયાની ભેંસોની વસતિના અંદાજે ૫૦.૫ ટકા જેટલી થાય છે. ભેંસો બગાઈ અને કેટલાક રોગો સામે વધુ પ્રતિકારક શક્તિ ધરાવે છે. અન્ય દૂધાળા પશુઓની તુલનામાં ભેંસોના દૂધમાં ફેટનું ઉંચુ પ્રમાણ હોય છે.

## દીદીની થપ્પડ

● અનુસંધાન પહેલાનું ચાલુ

પોતાના પાક્કા ઘર મળ્યા, રાંધણ ગેસનું કનેકશન મળ્યું, વીજળી મળી, અને શૌચાલય મળ્યા. તેના માટે તમારો આ સેવક દિવસ રાત કામ કરી રહ્યો છે. પુરુલિયાના લોકોને આકર્ષતા મોદીએ કહ્યું કે પુરુલિયામાં સંપદાની કમી નથી. તમે કાળા સોના પર બેઠા છો. પરંતુ અત્યાર સુધી જે પણ સરકારો રહી છે, તેમણે અહીં કોલસા માફિયાને ઉભા કરી દીધા છે. તૃણમૂલવાળાઓએ તો માફિયાને જ સરકારનો હિસ્સો બનાવી દીધા છે. અમે તેને ખત્મ કરવા માંગીએ છીએ અને તેના માટે અમને એક વખત તક આપો. મમતા સરકાર પર નિશાન સાંધતા કહ્યું કે રોડ, રસ્તા, રેલવે, હવાઈ જહાજ દ્વારા કનેક્ટિવિટી પર અમે ખાસ જોર આપ્યું છે. પરંતુ એ દુર્ભાગ્ય છે કે અહીંની સરકારના કુશાસનના લીધે કેન્દ્રની યોજનાઓ એ ગતિથી અહીં લાગૂ થઈ નથી, જે ગતિથી થવી જોઈએ.

પુરુલિયા રેલીમાં મોદી સરકાર ફરીથી બનવાનો દાવો કરતાં પીએમે કહ્યું કે જે રીતે તમે દીદીની સત્તાના વિરોધમાં ઉભા થયો છે, તેના લીધી દીદીના પગતળેથી જમીન ખસી ગઈ છે. હું તમને બધાને આશ્વાસન આપું છું કે ભાજપનો એક-એક કાર્યકર્તા તમારી સાથે છે, આખો દેશ તમારી સાથે છે.

## કોર્ટે ફગાવી

● અનુસંધાન પહેલાનું ચાલુ

વડાપ્રધાન બનવા નથી ઈચ્છતું? દેશના ૧૩૦ કરોડ લોકોમાંથી પ્રત્યેક વ્યક્તિ વડાપ્રધાન બનવા માંગે છે.

પિટિશનકર્તાએ કહ્યું કે રાહુલ ગાંધી દેશના વડાપ્રધાન બનવા માંગે છે. તેની પર સુપ્રીમ કોર્ટે કહ્યું કે દેશના વડાપ્રધાન બનવા કોણ નથી માંગતું. દેશના ૧૩૦ કરોડ લોકોમાં દરેક વડાપ્રધાન બનવા માંગે છે.

જણાવી દઈએ કે ભાજપના રાજ્યસભા સાંસદ સુબ્રમણ્યમ સ્વામીની ફરિયાદ પર ગૃહ મંત્રાલયે રાહુલ ગાંધીની નોટિસ પાઠવી ૧૫ દિવસમાં જવાબ માંગ્યો છે. ભાજપના સાંસદે કહ્યું હતું કે બ્રિટિશ નાગરિકતા હોવાના કારણે રાહુલ ગાંધી વિરુદ્ધ કાર્યવાહી કરવી જોઈએ. ગૃહ મંત્રાલયે રાહુલ ગાંધીને નોટિસ મોકલીને પૂછ્યું હતું કે એક કંપનીના દસ્તાવેજમાં તેમની નાગરિકાત ઘોષિત કરવામાં આવી છે, જેના પર તમે સાચા તથ્યો આપો.


## જાહેર નોટીસ

**અરજદારના વકીલશ્રી એફ.વાય. સુથાર**

**રાધનપુરના મહે. મોટર અકસ્માત વળતર પંચ (સહાયક) સમક્ષ મુ. રાધનપુર**

એમ.એ.સી.પી. નં. ૯૬/૨૦૧૮
મુદત તારીખ : ૧૬/૫/૧૯
નિ-૧૭

**અરજદાર - ૧ જુબેદાબેન સલ્લુભાઈ ઘાંચી વિ-૪**
રહે. રાધનપુર, તા. રાધનપુર, જી. પાટણ

વિરુદ્ધ

**સામાવાળા-૩ મનોજ એચ. આચલીયા**
રહે. રાંધેજા, તા. ગાંધીનગર, જી. ગાંધીનગર
(તે મોટર વાહન નં.જીજે૧૮ એ.ટી.-૯૧૪૧ના માલિક)

આથી તમો સામાવાળા નં.૩ને આ જાહેર નોટીસ આપી જણાવવાનું કે, તમો સામાવાળા નં. ૩ ને વારંવાર નોટીસ કાઢવા છતાં બજતી નથી. માટે તમોને આ ઉપરથી ફરમાવવામાં આવે છે કે, તારીખ ૧૬/૫/૨૦૧૯ના રોજ સવારના ૧૦-૩૦ કલાકે સદરહુ અરજીનો જવાબ આપવા સારુ આ ટ્રીબ્યુનલમાં તમારે જાતે અથવા યોગ્ય વકીલ મુખત્યાર મારફતે હાજર થવું. જો તેમ કરવામાં કસુર થશે તો તમારી ગેરહાજરીમાં અરજી સાંભળીને તેનો નિકાલ કરવામાં આવશે.

આજરોજ તારીખ ૨૯મી માહે એપ્રિલ ૨૦૧૯ના રોજ મારી સહી તથા ટ્રીબ્યુનલમાં સીક્કો મારીને આપ્યું.

**તૈયાર કરનાર :**
**સહી/-**
**(એ.એસ. ચૌધરી)**
**આસીસ્ટન્ટ**
**સહી/-**
**(એમ.એ.સી.ટી. શાખા)**
**રાધનપુર**

ટ્રીબ્યુનલ સીક્કો

**હુકમથી**
**સહી/-**
**(એસ.એસ. વાઘેલા)**
**રજીસ્ટ્રાર**
**(એ.ડી. ડીસ્ટ્રીક્ટ કોર્ટ રાધનપુર)**
**જી. પાટણ**